


સેક્ટર-૭માં ચૌધરી બી.સી.એ. કોલેજ ખાતે ટેલેન્ટ સ્પાર્કનું કાર્યક્રમ અંતર્ગત મહેંદી સ્પર્ધા, નેઈલ પેન્ડીંગ, ડાન્સ કોમ્પીટેશન જેવા કાર્યક્રમો યોજાયા હતા. (તસવીર : દિપક જાની)

## અભિનવ સંસ્થા દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૮

અભિનવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શહેર તેમજ આજુબાજુના ગામડાની જનતા માટે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ તા. ૧૨ જાન્યુઆરી, રવિવાર સવારે ૯-૦૦ થી બપોરના ૧૨-૦૦ કલાક દરમિયાન યોજવામાં આવશે.

શહેરની અભિનવ ચેરીટબલ ટ્રસ્ટ સંસ્થા દ્વારા સેંટ ઝેવિયર્સ સ્કુલ સે-૮ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનું ઉદઘાટન કરવામાં આવશે. જેમાં મુખ્ય અતિથિ તરીકે ગૃહ રાજય મંત્રી રજનીકાન્ત પટેલ તેમજ અતિથિ વિશેષ તરીકે પૂજય ગુરુમા સમાનંદજી (સમદર્શન આશ્રમ) કૃષ્ણકાન્ત જહા, ફાધર હેકટર પીન્ટો, રસિકભાઈ મહેતા, જોય બક્ષી, અશ્વિન ત્રિવેદી અને ભૂપેન પટેલ ઉપસ્થિત રહેશે.

સર્વ રોગ નિદાન કેમ્પમાં શહેર અને શહેરની બાજુમાં આવેલ ગામડાની જનતા લાભ લઈ શકશે. જેમાં જાણીતા ડોકટરો પોતાની સેવા આપશે. નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પમાં સ્થળ પર નામ નોંધણી કરવામાં આવશે. જેમાં વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવા સંસ્થા દ્વારા જણાવ્યું છે.

## આજે આનંદનો ગરબો

શ્રી બાલાજી ગોપી મહિલા મંડળ આનંદનો ગરબો દ્વારા આજરોજ ગુરૂવાર, બપોર ૨ થી ૫ કલાક દરમ્યાન શ્રી બાલાજી મંદિર સેક્ટર-૧૬ ખાતે યોજાશે. ભાવનાબેન ગોકલાણીના શ્રી મુખે આનંદનો ગરબો યોજાશે. જેમાં ભાવિ ભક્તોને દર્શનનો લાભ લેવા જણાવ્યું છે.

## ગાર્ડી સાહેબને શ્રદ્ધાંજલિ આપવામાં આવી

ભારતના ભામાશા તરીકે જાણીતા દાનવીર અને ડૉ. બી.આર. આંબેડકર એજ્યુકેશન સોસાયટીના ચેરમેન દિપચંદભાઈ ગાર્ડીનું અવસાન થતા શહેરની સિદ્ધાર્થ લૉ કોલેજ પરિવાર દ્વારા મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## ગાંધીનગર-અમદાવાદ બસ સેવાના ભાડામાં ઘટાડો કરવા માંગણી

### સી.એન.જી.ના ભાવ ઘટ્યા પણ સામાન્ય માણસોને લાભથી વંચિત

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર-અમદાવાદ બસસેવાના ભાડામાં વધારો થતા મધ્યમવર્ગના મુસાફરો અને વિદ્યાર્થીઓને આર્થિક ફટકો પડ્યો છે. સી.એન.જી.ના ભાવ ઘટ્યા બાદ એસ.ટી. બસ સહીતના સી.એન.જી. ભાડુતી વાહનોના ભાગ ઘટાડવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે વાહનવ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવને રજૂઆતમાં જણાવ્યા અનુસાર ગુજરાતમાં પૂરો પાડવામાં આવતો સીએનજી ગેસનો ભાવ સારો એવો ઘટાડવામાં આવ્યો છે. તેની અસર ગ્રાહકો સુધી પહોંચવી જોઈએ અને રાહતનો લાભ મુસાફરોને મળવો જોઈએ તેને બદલે વાહનવ્યવહાર વિભાગે એસ.ટી. ભાડામાં અકલ્પનિય વધારો ઝીંકી લોકોની આશા-અપેક્ષાઓને બેધ્યાન કરવામાં આવી છે અને તેથી વ્યાપક પ્રમાણમાં અસંતોષ પ્રવર્ત્યો છે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે તો મહદ્‌અંશે સીએનજી વાહનો ચાલે છે. અને ન ચાલતાં હોય તો પણ વડીઅદાલતોના આદેશો અને સુચનાઓ મુજબ પ્રદુષણને બગડતું અટકાવવા સીએનજી વાહનો ચલાવવા જણાવવામાં આવ્યું છે. અને તમામ મહાનગરોમાં પણ સીએનજી વાહનો ચલાવવાની વ્યવસ્થા ગોઠવાયા પછી તેનો ભાવ ઘટાડ્યા પછી પણ ગ્રાહકોને તેના લાભથી વંચિત રાખવા સામે ભાડા વધારા અંગે પુનઃ વિચારણા કરી એસ.ટી. ભાડામાં ઘટાડો કરવા તથા સીએનજી ઉપયોગમાં લેવાતા તમામ ભાડુતી વાહનોના ભાડામાં નોંધપાત્ર ઘટાડો કરવા જણાવાયું છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

### રવિ સિઝનમાં રાયડાના પાકથી ખેતરો લીલાછમ

રવિ સિઝનમાં લીલોતરી અને રંગબેરંગી ખેતરો પાકોથી નંદનવન બન્યાં છે. રવિ પાકોમાં હાલમાં ઘઉં, રાયડા, એરંડા, બટાકાના વાવેતરથી ખેતરો લહેરાઈ રહ્યાં છે. ઠંડીની મોસમમાં સૂર્યના કિરણો અને ઝાકળબિંદુથી અનેરા દશ્યો જોવા મળે છે. ચાલુ સાલે ચિલોડા વિસ્તારમાં રાયડાનું વાવેતર થતાં પીળા વસ્ત્રો ધારણ કરેલા પાકથી ખેતરો ખીલી ઉઠયાં છે. પાછોતર વરસાદ થવાથી જમીનમાં ભેજનું પ્રમાણ જળવાતાં રવિપાકને વધુ ફાયદો થવા પામ્યો છે. રવિ પાકમાં રાયડાના પાકના વાવેતર માટે અનુક્રમ સંજોગો જોતાં પીળા રંગથી છોડ લીલાછમ ખેતરો ભરચક લહેરાઈ રહ્યા છે. જયારે રવિપાકના આશાવાદથી ખડૂતો વધુ હર્ષઘેલા બનતા ખુશીની લહેર પ્રવર્તી રહી છે.

## ગાંધીનગર શહેર ગ્રામ્ય નાગરિક સમિતિની બેઠક

## ગાંધીનગર શહેર ગ્રામ્ય વિસ્તારની સમસ્યાઓની રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર ગ્રામ્ય નાગરિક સમિતિની સામાન્ય સભા તાજેતરમાં સમિતિના પ્રમુખની અધ્યક્ષતામાં જૂના સચિવાલય ખાતે મળી હતી. જેમાં શહેર અને ગ્રામ્ય વિસ્તારના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા આહવાહન કરવામાં આવ્યું હતું. સામાન્ય સભામાં ગાંધીનગર શહેર અને શહેરમાં સમાવેશ કરવામાં આવેલા ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારના ખરાબ રસ્તાને સુધારવા જોઈએ. ક્લોરિન વિનાનું પાણી આપી ગામડાના લોકોના આરોગ્ય સામે ચેડા કરવામાં આવે છે, બંધ કરવા જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગામડામાં અને શહેરમાં અનેક જગ્યાએ ગંદકીના ઢગ ખડકાયેલા છે. તેને સત્વરે દૂર કરવા જોઈએ. ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે આરોગ્યની દષ્ટિએ લોકોને પડતી હાલાકીનો અંત લાવવો જોઈએ.

સામાન્ય સભામાં ચૂંટાયેલા કાઉન્સિલરોએ પોતાની ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ કરી પ્રજાના હિતમાં કાર્ય કરવું જોઈએ. કેશરીસિંહે એમ પણ જણાવ્યું હતું કે પાલજ અને બાસણની જનતાને આવનજાવન માટે બ્રિજ ન હોવાથી ૧૦ કિલોમીટર જેટલું અંતર વધારે ફરવું પડે છે. સહિતા પ્રશ્નોની ચર્ચા કરી યોગ્ય નિરાકરણ કરવા જણાવ્યું હતું.

સભામાં પ્રશ્નોનું નિરાકરણ કરવામાં નહી આવે તો સભ્યોની હાજરીમાં તમામ પ્રશ્ને છેક સુધી લડી લેવા સમિતિએ જણાવ્યું હતું અને જરૂર પડશે તો મોટુ જન આંદોલન કરવામાં આવશે.

## ઉવારસદ ચોકડી પાસે વિજ તારને અડકી જતા ટ્રક સળગી ઉઠી

ગાંધીનગર, તા. ૮

ઉવારસદ ચાર રસ્તા પાસે એક ટ્રક પંચર પડી ગઈ હતી. ટ્રકની હાઈડ્રોલીક ટ્રોલી ઊંચી કરીને ટાયર નીકાળવાનો પ્રયત્ન ચાલી રહ્યો હતો તે દરમ્યાન ઉંચી થયેલી ટ્રોલી ઉપરથી પસાર થઈ રહેલા જીવંત વિજતારને અડકી જતાં આખી ટ્રક સળગી ઉઠી હતી. આ ઘટનામાં સદભાગ્યે કોઈ જાનહાનિ થવા પામી ન હતી જો કે ટ્રક બળીને ખાખ થઈ ગયો હતો.

## ગાંધીનગરમાં ઠંડીમાં રાહત

ગાંધીનગરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ઠંડી ઘટી ગઈ છે. લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિ.સે. નોંધાતા ઠંડીમાં રાહત મળી છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી પડી રહેલી કડકડતી ઠંડીમાં થોડીક રાહત મળી છે. પવન ચાલુ રહ્યો છે પરંતુ લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિ.સે. નોંધાતા વસાહતીઓને આકરી ઠંડીમાંથી મુકિત મળી હતી. આજે મહત્તમ તાપમાન ૩૦.૬ ડિ.સે. રહ્યું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૬૪ ટકા અને સાંજે ૫૧ ટકા રહ્યું હતું.

## સ્વ. દિપચંદભાઈ ગાર્ડીને કમલેશ જોશીપુરા તથા કલ્પક ત્રિવેદીની ભાવપૂર્ણ અંજલી

ગાંધીનગર, તા.૮

ભારત ભામાષા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે અવિરત દાનની સરવાણી વહાવનાર આદરણીય સતાયુ શ્રી દિપંદભાઈ ગાર્ડીના અવસાન માટે સૌરાષ્ટ્ર યુનિ.ના પૂર્વ કુલપતિ અને વર્તમાનમાં આઈ.આઈ.ટી.ઈ.ના કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરા તેમજ સૌરાષ્ટ્ર યુનિ.ના પૂર્વ કુલનાયક ડૉ.કલ્પક ત્રિવેદીએ શ્રી દિપચંદભાઈ ગાર્ડીને ભાવપૂર્ણ અંજલી આપી છે.

શ્રી કમલેશ જોશીપુરા અને શ્રી કલ્પક ત્રિવેદીએ જણાવ્યું છે કે સૌરાષ્ટ્રના આરોગ્ય, શિક્ષણ, સ્વાવલંબન સહિતના ક્ષેત્રોમાં અવિરત દાન આપવાની સાથે સવિશેષ રીતે સૌરાષ્ટ્ર યુનિ.ની વિકાસ યાત્રાની સતત ચિંતા શ્રી દિપચંદભાઈ ગાર્ડી સેવતા હતા અને કદાચ માત્ર ભારત નહીં પરંતુ વિશ્વની યુનિવર્સિટીઓમાં પ્રથમ ઘટના હશે કે એક જ યુનિ.માં ૨૦થી વધારે ભવન નિર્માણોમાં શ્રી દિપચંદભાઈએ દાનની સરવાણી વહાવી હતી.

શ્રી જોશીપુરાએ જણાવ્યું છે કે મારા છ વર્ષના કાર્યકાળ દરમિયાન શ્રી દિપચંદભાઈ ગાર્ડીના અવિરત દાન અને સતત સહાયના પરિપાક રૂપે સૌરાષ્ટ્ર યુનિ.એ માળખાગત સુવિધાઓમાં અપ્રતિમ પ્રગતિ કરી. સૌરાષ્ટ્ર યુનિ.ની પેટર્ન ઉપર અન્ય યુનિ.ઓમાં પણ અને બીજા રાજયોમાં પણ આવા પ્રયોગો થઈ શકે કે કેમ? તેના માટે રાજકોટ ખાતે દેશના ૧૦૦ જેટલા અગ્રણી કુલપતિઓ અને શિક્ષણવિદોની જે રાષ્ટ્રીય કક્ષાની પરિષદ યોજવાનું તેમનું સ્વપ્નું હતું તે પણ સરસ રીતે આયોજીત થઈ શકી હતી અને સાથો સાથ દેશના શિક્ષણવિદોને પણ તેમણે સમાજના નબળા વર્ગના વિદ્યાર્થીઓને માટે પણ કાંઈક કરવા અપીલ કરી હતી.

યુજીસીના ચેરમેન પ્રો. વેદપ્રકાશ પણ તેમનાથી ખુબ જ પ્રભાવિત હતા અને તેઓની પણ નિયમિત મુલાકાતો આયોજીત થતી હતી. શ્રી કમલેશ જોશીપુરા અને શ્રી કલ્પક ત્રિવેદીએ દિપચંદભાઈ ગાર્ડી સાહેબને ભાવપૂર્ણ અંજલી આપી અને મુઠી ઉંચેરા માનવી ગણાવ્યા છે.



### ચિલોડા ખાતે મહાઅભિયાન અંતર્ગત માટી અને લોખંડ એકત્રિકરણ કાર્યક્રમ યોજાયો

એક ભારત-શ્રેષ્ઠ ભારત મહાઅભિયાન અંતર્ગત દેશનાં લોખંડી પુરુષ તથા ખેડૂતોના ભિષ્મ પિતામહ ગણાતા સરદાર વલ્લભભાઈની પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા બનાવવા ભારતીય પાસેથી સરળ યોગદાન, લોખંડ અને માટીનાં રુપમાં એકઠું કરી મહા અભિયાનમાં જોડાઈ સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા ભારતને શ્રેષ્ઠ બનાવીએ. આ મહાઅભિયાન અંતર્ગત ચિલોડા મોટા તથા ઈસનપુર મોટા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સુરાજ યાચિકામાં હાજર ગ્રામજનોએ સહી કરી હતી. ત્યારબાદ માટીથી ભરેલી બાલટી અને જૂના ખેતીના લોખંડનું એક સાધન ચિલોડા ગામના સરપંચશ્રી સવાજી ઠાકોરના હસ્તે અર્પણ વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર ભાજપના આગેવાનોમાં વિસ્તારક તરીકે જગદીશગીરી ગોસ્વામી, રમેશભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ ગાંધીનગર જિલ્લા ભાજપ ગીરીશભાઈ પટેલ, તાલુકા સદસ્ય, શ્રી પ્રહલાદભાઈ પટેલ, સંજય એ. ઠાકોર, ડી.કે. ઠાકોર, વિષ્ણુભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : નટુભાઈ પટેલ)

### હેત ફાઉન્ડેશન સંસ્થા દ્વારા

## માનસિક ક્ષતિ ગ્રસ્ત બાળકોને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત કરાવી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની હેત ફાઉન્ડેશન સંસ્થા દ્વારા માનસિક ક્ષતિ ગ્રસ્ત બાલકોનો મિલન સમારોહ અને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે પિકનીક યોજાઈ હતી.

રંગોલી પ્લેગ્રુપમાં અભ્યાસ કરતા માનસિક ક્ષતિ ગ્રસ્ત બાળકો સહિત તેમના માતા પિતા પણ આ પિકનીકમાં જોડાયા હતા. આ પ્રસંગે શહેરના જાણીતા વકતા મનોજભાઈ શુકલએ ઉપસ્થિત રહી તપસ્વી મા બાપ થવાનું પુણ્ય વિષય પર વકતવ્ય આપ્યું હતું. પિકનીક દરમિયાન પાર્કમાં હેત ફાઉન્ડેશન દ્વારા બાળકોને વિવિધ રમતો રમાડી બાળકોને સમજ આપી હતી. સંસ્થાએ બાળકોને વિકાસાત્મક પ્રવૃત્તિ કરાવી હતી. પિકનીક દરમિયાન સંસ્થાના સભ્યો, બાળકો અને માતા પિતા નાસ્તો કરી છુટા પડયા હતા.

## બ્રહ્મસમાજ મહિલા પાંખ ક્રિએટીવ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૮

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા તા. ૧૧ જાન્યુઆરીના રોજ બપોરે ૨.૦૦ કલાકે ક્રિએટીવ એક્ટીવીટી કાર્યક્રમ બ્રહ્મભવન સે. ૧૬ ખાતે યોજવામાં આવશે. તેમજ વિવિધ શોખ ધરાવતી બહેનોએ પોતાના શોખની વસ્તુ શિખવા માટે પ્રમુખ પ્રતિભાબેન દવે અને અંજનાબેન ગોરે જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૬
સૂર્યાસ્ત : ૫.૫૭

## તાપમાન

મહત્તમ : ૩૦.૬ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૫૧ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શોલે- ૩ડી : ૯.૪૦, ૧.૪૦, ૫.૪૦, ૯.૪૦

: સ્ક્રીન-૨ :
મી. જોઈ બી કારવલ હો : ૧૦.૧૦, ૧૨.૪૦, ૩.૧૦, ૫.૪૦, ૮.૧૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૨૫, ૨.૫૫, ૬.૨૫, ૯.૫૫

: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૧૦, ૭.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
મી. જોઈ બી. કારવલ હો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
શોલે : ૧૦.૦૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૫, ૧.૩૦, ૫.૩૦, ૯.૩૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦

: સ્ક્રીન-૨ :
આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ચિરાગ સિનેમા (કલોલ)

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વિવાદોથી બચવું. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થઈ શકે છે. વિશેષ લેવડ-દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન. અને યાત્રાના સંભાવના. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : પદ પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા થઈ શકે છે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કૌટુંબિક સમસ્યાઓ કુશળતાથી નીપટાવવી. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. વ્યાપારમાં પ્રગતિ થશે. મિત્રોના સહયોગથી ઉદ્દભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : પદ, પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : ભાગીદારીથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વ્યાપારીક વર્ગ માટે લાભ મેળવવાની ઉત્તમ તક. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : શિક્ષા સંબંધિ ઉપલબ્ધિદાયક યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. ભાગ્યવર્ધક કાર્યમાં અડચણની સંભાવના છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : નવા આર્થિક સ્ત્રોતો પર કાર્યો થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપારિક ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓનો ઉદ્દભવી શકે છે. બૌદ્ધિક હેરાનગતિ વધી શકે છે. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. તારાબેન રતીલાલ સુથાર (ઉ.વ. ૮૨) પ્લોટ નં. ૩૧૭, શ્રેયસ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર.